**સ્વૈચ્છિક અનુદાનના ધોરણે ચલાવવામાં આવતા આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં વધારો કરવા બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર,**
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૨૦૨૦૧૫/ન.બા.૪૧/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧/૦૪/૨૦૧૫.

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરીનો તા.૨૧/૦૧/૨૦૧૫નો પત્ર નં:- આવિ/છતલ/૧/ ફા.નં.૧૭૭૪/૨૦૧૪-૧૫/૧૪૭ થી ૧૪૮ અને ૧૪૯ થી ૧૫૦.

**ઠરાવ:-**

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે ઘણા કિસ્સાઓમાં તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેને કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળા બાળકોને મફત રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે, તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી માન્ય સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પ્રવેશથી વંચિત રહેતા હોય છે. આવા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકીર્દીના ભાવીને ધ્યાને રાખીને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેઓ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં રહીને પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે હેતુસર બિન-આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના આદિજાતિ વિસ્તારમાં આવેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૪૦૦ તેમજ બિનઆદિજાતિ વિસ્તારમાં આવેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૧૦૦નો એમ કુલ ૫૦૦ છાત્રો/છાત્રાઓની સંખ્યાનો વધારો મંજૂર કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના પત્રથી કમિશનરશ્રી (આ.વિ.)એ વર્ષ ૨૦૧૫-૧૬માં નવી બાબતની દરખાસ્ત કરેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિસ્તારમાં આવેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૪૦૦નો સંખ્યા વધારો કરવા માટે રૂ.૬૦.૦૦ લાખની તેમજ બિનઆદિજાતિ વિસ્તારમાં આવેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોની માન્ય સંખ્યામાં ૧૦૦નો સંખ્યા વધારો કરવા માટેની રૂ૧૫.૦૦ લાખની એમ કુલ ૫૦૦ છાત્રો/છાત્રાઓની સંખ્યાનો વધારો કરવા માટેની

રૂ.૭૫.૦૦ લાખની સને ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન) મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨-અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-૧૧-VKY-165 પછાત વર્ગના છાત્રાલયોને સહાયક અનુદાન તેમજ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૦૫-VKY-165 સ્વૈચ્છિક સંસ્થા હસ્તકની ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોને અનુદાનની યોજના હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણા વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

-/-
**(નરેન્દ્ર વાઘેલા)**
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૪/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.